# યૂનિવર્સલ સેવાઓ

જો તમને કટોકટીની સહાયતા કે કટોકટી સિવાયની મદદની જરૂર હોય તો 999 અને 111નો તમે ગમે ત્યાં હો સંપર્ક કરી શકો છો.

## બધા દિવસે અને રાત્રે ખુલ્લું

| સર્વિસ | કઈ રીતે કૉલ કરવો |
| --- | --- |
| **999** | જો તમારે **999** પર કૉલ કરવાની જરૂર પડે તો તેઓ તમને નીચેની બાબતો વિશે પૂછશે:<br>• શું દર્દી શ્વાસ લે છે? જાગે છે?<br>• ખરેખર શું થયું છે તે પુછી શકે છે?<br>• શું થયું છે તે વિશે તેઓ તમને વધુ પ્રશ્નો પૂછશે, જેથી તેઓ શ્રેષ્ઠ રીતે મદદ કરી શકે |
| **NHS 111** | જો તમે **111** પર કૉલ કરો તો નામ, સરનામું અને કૉલ કરવાનાં કારણ પુછશે, ત્યારબાદ સુનિશ્ચિત કરશે કે તમારે એમરજન્સી અમ્બુલેન્સની જરૂર છે કે નહીં. તમારી સંપૂર્ણ સહાયતા માટે અમે એક અમાકા ક્લિનિશીયનનો સંપર્ક કરાવીશું જે તમારી તબીબી સહાય કરશે. |

999 અથવા 111 પર કૉલ કરતી વખતે તમે કોઈપણ સમયે અનુવાદક માટે વિનંતી કરી શકો છો. ઓછી સામાન્ય ભાષાઓ માટે અનુવાદક શોધવામાં મુશ્કેલી પડી શકે છે, તેથી જો તમે એકથી વધુ ભાષાઓ બોલતા હો તો કૃપા કરીને તે બંને જણાવો.

જ્યારે તેઓ અનુવાદક સાથે તમને કનેક્ટ કરી રહ્યા હોય ત્યારે ફોન લાઇન શાંત થઈ શકે છે, કૉલ બંધ કરશો નહીં.

દુભાષિયા સાથે વાત કરતી વખતે તમે પ્રશ્નનો જવાબ આપો અને ત્યારબાદ વિરામ લો તે ખૂબ અગત્યનું છે, જેથી દુભાષિયો ભાષાંતર કરી શકે.

# તમારી સ્થાનિક સેવાઓ

સ્વાસ્થ્યસંભાળ પ્રાપ્ત કરવાની ઘણી રીતો છે. આ વિભાગમાં તમે તમારા માટે સ્થાનિક એવી સેવાઓની યાદી અને તેમના ખૂલવાના સમય ઉમેરી શકો છો, જેથી કઈ સેવાઓ તમારા માટે સ્થાનિક છે તે તમે જાણી શકો.

મને પૂરું કરો!

| The Service<br>સર્વિસ | Name & Location<br>નામ અને સ્થળ | Opening Times<br>ખૂલવાનો સમય |
| --- | --- | --- |
| વૉક-ઇન-સેન્ટર / અર્જન્ટ ટ્રીટમેન્ટ સેન્ટર<br>**Walk-in-centre / Urgent Treatment Centre** | | |
| ફાર્મસી<br>**Pharmacy** | | |
| ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટ / ઍક્સિડન્ટ & ઇમર્જન્સી (A&E)<br>**Emergency Department / Accident & Emergency (A&E)** | | બધા દિવસે અને રાત્રે ખુલ્લું, રોજ.<br>Open all day and all night, everyday. |
| જનરલ પ્રેક્ટિસ (GP) સર્જરી<br>**General Practice (GP) Surgery** | | |

**આ પત્રિકામાં દર્દીની ગોપનીય માહિતી છે અને માત્ર સ્વાસ્થ્યસંભાળ પ્રોફેશનલોને તે આપવી જોઈએ.**

વર્ઝન 1.0 નવેમ્બર 2025

Gujarati – ગુજરાતી

**NHS**
**London Ambulance Service**
**NHS Trust**

# વ્યક્તિગત માહિતી

તમારી પોતાની વ્યક્તિગત માહિતી ઉમેરવા માટે તમારા માટે જગ્યા.

મને પૂરું કરો!

| | |
| --- | --- |
| નામ<br>**Name** | |
| જન્મતારીખ<br>**Date of Birth** | |
| બોલાતી ભાષાઓ<br>**Languages Spoken** | |
| પસંદગીની ભાષા<br>**Preferred Language** | |
| ઍલર્જીઓ<br>**Allergies** | |
| તબીબી સ્થિતિઓ **Medical Conditions** | |
| હાલની દવા<br>**Current Medication** | |
| નજીકના સગા<br>**Next of Kin** | |
| માહિતી પૂરી કર્યાની તારીખ:<br>**Date Information Completed:** | |

**ડૉક્ટરોને આ માહિતી ઉપરાંત ઉપલબ્ધ હોય તો ઇલેક્ટ્રૉનિક પેશન્ટ કેર રેકોર્ડ્ઝનો ઉપયોગ કરવાનું યાદ કરાવવામાં આવે છે**

# વધારાની માહિતી

ઉપર આવરી લેવામાં આવી ન હોય એવી કોઈપણ માહિતી ઉમેરવા માટે તમારા માટે આ જગ્યા છે. દાખલા તરીકે: સામાજિક કાર્યકર્તાની વિગતો, નિવાસની સંપર્ક વિગતો, સ્વાસ્થ્યની વધુ માહિતી.

મને પૂરું કરો!

**આ પત્રિકામાં દર્દી સંબંધિત ગોપનીય માહિતી આપવામાં આવી છે અને તેને આરોગ્ય સેવા અધિકારી સાથે જ શૅર કરવી જોઈએ.**

**તમારી સ્થાનિક સેવાઓ** – એવી ઘણી અલગ-અલગ સેવાઓ છે જે સ્વાસ્થ્યસંભાળ સહાયતા અને સલાહ પૂરી પાડે છે, તેથી કેટલીક બિમારીઓ અને ઈજાઓ માટે યોગ્ય સેવાનો ઉપયોગ કરવામાં આવે તે મહત્ત્વનું છે. અહીં પ્રત્યેક સેવા વિશે અને તેઓ તમને શ્રેષ્ઠ રીતે મદદ કેમ કરી શકે તે વિશેની માહિતી છે.

## ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટ / ઍક્સિડન્ટ અને ઇમર્જન્સી (A&E)

**A&E માત્ર ગંભીર ઈજાઓ અને જીવલેણ કટોકટી માટે જ છે**

જો તમને આમાંથી કોઈપણ લક્ષણો હોય તો તમારાથી શક્ય હોય તો તમારે A&Eમાં જવાનું રહેશે, અથવા તમારે 999 પર કૉલ કરવો જોઈએ:

- છાતીમાં દુખાવો
- ચહેરો એક તરફ ઢળવો, બંને બાહુઓ ઉપરની તરફ રાખી ન શકો, બોલાવામાં તકલીફ થવી
- અચાનક મૂંઝવણ
- આપઘાતનો પ્રયત્ન (કશુંક લઈને અથવા સ્વયંને હાનિ પહોંચાડીને)
- શ્વસનમાં તીવ્ર મુશ્કેલીઓ
- ગૂંગળામણ
- ભારે રક્તસ્રાવ (લોહીનો ફુવારો ઊડતો હોય કે ટપકતું હોય)
- ચહેરા પર અચાનક ઝડપથી સોજો થવો
- આંચકી (ફિટ)
- મૂર્છા અથવા પ્રતિસાદ ન આપવો
- કોઈપણ ગંભીર ઈજા અથવા ટ્રૉમા, દાખલા તરીકે તૂટેલું હાડકું તમારી ત્વચાની બહાર લબડવું, તમારા સમગ્ર શરીરમાં દાઝવાની ઘટના.

## 999

**ઉપર જેની વિગતો આપી છે એવાં કોઈપણ લક્ષણો માટે તમે જીવલેણ કટોકટીમાં 999ને કૉલ કરી શકો છો (ડાબી બાજુના બુલેટ પૉઇન્ટ)**

જો તમે અથવા તમે જેમને કૉલ કરી રહ્યા હો તે વ્યક્તિને આમાંથી કોઈ લક્ષણો ન હોય પરંતુ તમે માનતા હો કે તેઓને જીવલેણ કટોકટી છે તો 999 પર કૉલ કરો.

જ્યારે તમે 999 પર કૉલ કરો ત્યારે તેઓ તમારાં લક્ષણોના આધારે નિર્ણય લેશે કે:

- તમને ઍમ્બ્યુલન્સની જરૂર છે કે કેમ
- ડૉક્ટર સાથેનો ટેલિફોન કૉલ
- અથવા 111 જેવી અન્ય સેવાનો રેફરલ.

## 111

**જ્યારે તમને તબીબી મદદ કે સલાહની જરૂર પડે ત્યારે NHS 111 તમને મદદ કરે છે, પરંતુ તે કોઈ કટોકટી નથી**

જ્યારે તમે 111 પર કૉલ કરો ત્યારે તેઓ તમને થોડા પ્રશ્નો પૂછશે અને નિર્ણય લેશે કે તેઓ શ્રેષ્ઠ રીતે મદદ કેમ કરી શકે, આનાથી નીચેની બાબતો થઈ શકે છે:

- તમારાં લક્ષણોને કઈ રીતે નિયંત્રિત કરવાં તે અંગે સલાહ અને નિર્દેશો મળવાં
- ડૉક્ટર જેવા ક્લિનિશિયન તરફથી ટેલિફોન પર સલાહ મળવી
- તમારી સ્થાનિક હૉસ્પિટલ ખાતે એક અપોઇન્ટમેન્ટ મળવી
- તમારા માટે A&Eમાં જવું અથવા તમારા માટે ઍમ્બ્યુલન્સની ગોઠવણ કરવી (999 દ્વારા) જરૂરી છે કે કેમ તે અંગે તેઓ નિર્ણય લઈ શકે છે.

## ફાર્મસી

**ફાર્મસી ખાતે તેઓ તમને આના જેવી સામાન્ય સમસ્યાઓમાં મદદ કરી શકે છે: ખાંસી, શરદી, સામાન્ય કળતર/દુખાવો, અને તમને સલાહ આપી શકે છે**

તેઓ તમને તમારાં લક્ષણો અથવા જરૂર પડે તો દવા પર સલાહ આપી શકે છે, તેઓ નીચેની બાબતે મદદ કરી શકે છે:

- કાનનો દુખાવો
- ગળામાં સોજો
- ત્વચાની સમસ્યાઓ
- જીવડાંઓના દંશ
- મૂત્રનાં લક્ષણો કે સમસ્યાઓ
- કબજિયાત
- દવા અંગે સામાન્ય સલાહ

જો તેઓને લાગે કે તમને કોઈ અલગ સેવા ખાતે મદદની જરૂર છે તો તેઓ સૌથી યોગ્ય સેવા અંગે તમને જાણ કરશે.

## વૉક ઇન સેન્ટર / અર્જન્ટ કેર સેન્ટર

**વૉક ઇન સેન્ટરો અને અર્જન્ટ કેર સેન્ટરો જ્યારે જીવલેણ કટોકટી ન હોય ત્યારે સહાયતા પૂરી પાડે છે**

તેઓ નીચેના જેવી ઘણી સમસ્યાઓ અંગે સહાયતા કરી શકે છે:

- મચકોડ અને તાણ
- હાડકાં તૂટ્યાંના શંકાસ્પદ કેસો
- ઈજાઓ / ચીરા / ઉઝરડા
- પેટનો દુખાવો
- ત્વચાના ચેપો અને ચકામાં
- વધારે તાપમાન (તાવ)

જો તેઓ આ સેવા ખાતે તમારાં લક્ષણોનું નિયમન કરી ન શકે તો હવે પછી શું કરવું તે અંગે તેઓ તમને સલાહ આપશે.

વૉક ઇન સેન્ટર તમને મદદ કરી શકે કે કેમ તે અંગે તમે ચોક્કસ ન હો તો તમે સલાહ માટે 111 પર કૉલ કરી શકો છો અને તેઓ તમને માર્ગદર્શન આપશે.

## જનરલ પ્રૅક્ટિસ (GP) સર્જરી

**GP સર્જરી વિશિષ્ટ રીતે સોમવારથી શુક્રવાર સુધી ખુલ્લી હોય છે. ડૉક્ટર જેવા તબીબી પ્રોફેશનલન સાથે અપોઇન્ટમેન્ટ બૂક કરવા માટે GP નો સંપર્ક કરો.**

તેઓ તબીબી સલાહ, રસીકરણો, તપાસો અને સારવારો, દવાઓ માટે પ્રિસ્ક્રીપ્શન, અન્ય સેવાઓ અને સામાજિક સેવાઓની ભલામણ સહિત સ્વાસ્થ્યની વ્યાપક શ્રેણીની સેવાઓ પૂરી પાડી શકે છે. જો હાલમાં તમારા સ્વાસ્થ્યની કોઈપણ જરૂરિયાતો હોય તો પણ તેઓ તમને સહાયતા કરશે, દાખલા તરીકે: અસ્થમા, ડાયબિટીસ, ઉચ્ચ રક્તદાબ.

જો તમારી GP સર્જરી બંધ હોય તો તમારી સ્વાસ્થ્યની જરૂરિયાતો વિશે કોઈની સાથે વાત કરવા માટે તમે 111 પર કૉલ કરી શકો છો.

**અગત્યનું** – તમારા સ્થાનિક GP સર્જરીની સેવાઓને ઍક્સેસ કરતાં પહેલાં તમે તેઓની સાથે રજિસ્ટર થાઓ તે અનિવાર્ય છે. **www.nhs.uk પર ઓનલાઈન રજિસ્ટર કરો અથવા વ્યક્તિગત રીતે કરો.**

**જો તમને UKમાં કટોકટી અથવા તાકીદની તબીબી સહાયતાની જરૂર હોય તો આ મફત છે (A&E, 111 અથવા 999). દરિયાપારના મુલાકાતીઓ અને રાજ્યાશ્રયના નિષ્ફળ અપીલકર્તાઓ પર ચાર્જ લાગી શકે છે, પરંતુ જ્યારે જરૂર હોય એવા સમયે તેઓની સંભાળ નકારવામાં આવશે નહીં.**